**સાવ શરમજનક વ્હાઇટ- વોશ પછી ટીમ ઇન્ડિયાનું મોરલ સાવ તળિયે બેઠું છે. હવે ટી-૨૦ ની બે મેચો પછી ઓસ્ટ્રે, ભારત અને શ્રીલંકા વચ્ચે રોમાંચક વન-ડે ત્રિકોણીયો જંગ પ્રારંભી રહ્યો છે. વર્લ્ડકપ અને ૨૦૦૮નો હિસાબ ચૂકતે કરવા ઓસ્ટ્રેલિયા ટાંપીને બેઠું છે. શ્રીલંકા તાજેતર નબળા પ્રદર્શનો સુધારવાની પ્રેરવીમાં છે જયારે ભારતીય ટીમ વ્હાઇટ વોશ ધોવાણ પછી વર્લ્ડ ચેમ્પિયનની ઇમેજ જાળવી રાખવાનો પ્રયાસ કરશે. સમીકરણો અને સિનારિયાઓ કહે છે કે યજમાન ઓસ્ટ્રેલિયા શંકા વિના ફેવરિટ હશે જ.**

| ચંગ રંગ | ટર્નિંગ ટાઈમ | રોમાન્સ

**ખેલ ખેલાડી**



રમતરંગ

સામ ફ. દેસાણીયા

# ટેસ્ટના ધોવાણ પછી ટીમ-ઈન્ડિયા ત્રિકોણીયા વન-ડે જંગમાં વર્લ્ડકપ વિજેતાની પ્રતિષ્ઠા જાળવી શકશે?

પ્રતિષ્ઠાની ધૂળધાણી કરીને સાવ ભોયભેગી થઈ ચૂકેલી ટીમ-ઈન્ડિયા આજથી ટી-૨૦ની બે મેચો અને ત્રિકોણીયા વનડે જંગનો પ્રારંભ કરી રહી છે. ખાસ કરીને ત્રિકોણીયા જંગની પ્રતિષ્ઠા હવે દાવ પર છે. કારણ સ્પષ્ટ છે કે માર્ચ-એપ્રિલમાં ટીમ-ઈન્ડિયા વર્લ્ડ-ચેમ્પિયન





બન્યુ હતું. નંબર-વન ડે ટીમ ઑસ્ટ્રેલિયાને વર્લ્ડકપમાં કવાર્ટર ફાયનલમાં હરાવ્યુ હતુ. ત્રિકોણીયા જંગનું ત્રીજુ સ્પર્ધક શ્રીલંકાને ફાયનલમાં હરાવ્યું હતું. હવે આ બન્ને હરીફો ટીમ-ઈન્ડિયાને પછાડવા તૈયાર છે એવા સંકેતો મળી રહે છે. જોકે વનડે ડિફરન્ટ કપ ઓફ ટી છે. આમ જોઈએ તો, માનસિક રીતે ઑસ્ટ્રેલિયા નવા જ આત્મ વિશ્વાસપૂર્વક બન્ને હરીફોને ઘરઆંગણે પછાડી શકે છે એમા પણ શંકા નથી. શ્રીલંકાના તાજેતરના પ્રદર્શનો તળિયાના રહ્યા છે. આથી આ ટીમે કશું ગુમાવવાનું નથી. જયારે ટી-ઈન્ડિયા પ્રતિષ્ઠા હોડ પર છે કારણકે આ ટીમ વર્લ્ડચેમ્પિયનનો ટેગ લઈ ફરી રહી છે.

કમકમાટી એવા સાવ ઘટિયા પ્રદર્શનોની હારમાળાથી બધા જ સ્તબ્ધ થઈ ચૂકયા છે. ઈંગ્લેન્ડ અને ઑસ્ટ્રેલિયામાં મળી સતત આઠ આઠ ટેસ્ટોમાં જે હીણપતભર્યા પરાજય નિહાળવા મળ્યા છે એમા આપણા બધા જ દિગ્ગજ બેટધરોની ઘેરી નિષ્ફળતા જવાબદાર છે. આવા સેટબેક પછી માનસિક રીતે ઊભા થવું અશકય તો નથી જ. અને સરળ પણ નથી. થોડા જ સમય પહેલા આવો તબકકો ઑસ્ટ્રેલિયાએ નિહાળ્યો હતો. એકાએક દિગ્ગજ ખેલાડીઓની નિવૃત્તિ પછી ટીમ ભાંગી પડી હતી. પણ આ ટીમ ધીમે ધીમે બેઠી થઈ છે. હાલમાં ટીમ-ઈન્ડિયાના સિનિયરોનો ગાળિયો કસાય રહ્યો છે. બીબીસીઆઈના અધિકારીઓ સુધ્ધા છૂટી પડયા છે કે, યોગ્ય પગલા લઈશું પણ સિનિયરોના સ્થાન માટે પસંદગી સમિતિ જ નિર્ણય લેશે. અને સિનિયરો નિવૃત્તિ ફરમાવવાના મુડમાં પણ નથી.

**ઑસ્ટ્રેલિયા બદલા માટે બેતાબ!**

હવે વનડે શૃંખલા તરફ વળીયે તો ઑસ્ટ્રે. બદલાઓ લેવા માટે ગંભીર જણાય છે. ત્યાંના મિડિયાના પણ પુરક સથવારો છે. ૨૦૧૧ વિશ્વકપમાં ઑસ્ટ્રેલિયા સતત ચોથીવાર વર્લ્ડકપ જીતી ન શકયુ અને ભારતના હાથે એ નશો હજીયે ઘુમટી ખાય રહ્યો છે.

ઑસ્ટ્રેલિયા ત્રિકોણીયો જંગ જીતવા માટે ઘરઆંગણે પૂરેપૂરુ દાવેદાર તો છે જ, પણ ઈન્ડિયા કે શ્રીલંકા ટકકર લેવાની ક્ષમતા પણ ધરાવે છે. ૨૦૦૮ માં અલબત્ત ઑસ્ટ્રેલિયા બોર્ડર-ગાવસકર ટેસ્ટ શ્રેણી જીત્યા બાદ ભારતે વનડે શ્રૃંખલામાં ઑસ્ટ્રે.ને નમાવ્યુ હતું. હાલનો સિનારિયો કે નક્ષત્રો સાવ નિરાશાજનક છે. ભારતે વિશ્વકપ (૨૦૧૧) જીત્યો હતો એ ભારતમાં જીત્યો હતો. અહીં ઉલ્લેખવું જરૂરી છે કે વિશ્વકપ દરમિયાન યુવરાજસીંગના ઓલરાઉન્ડર પરફોમન્સે મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. હવે માદગીના કારણે યુવી ટીમ સાથે નથી.

આગામી વનડે શ્રેણીમાં ફ્ન્ટલાઈન બેટધરો જ મહત્ત્વની ભૂમિકા ભજવી શકે. પણ ગંભીર, સેહવાંગ કે તેન્ડુલકરનું સાવ નબળુ ફોર્મ ચિંતાજનક હદે નીચુ આવ્યું છે. વનડેમાં આથી જ યુવા વિરાટ કોહલી, રોહિત શર્મા કે સુરેશ રૈના પર મોટો દારોમદાર છે. કેપ્ટન મહેન્દ્રસીંગ ધોની વનડેનો માસ્ટર બેટસમેન છે. ધોનીની ધોવાયેલી પ્રતિષ્ઠા આ વનડે શ્રેણી જ સુધારી શકે. ટીમ-ઈન્ડિયાનો મોટો સેટ બેક કે ડ્રો-બેકસ માટે મહત્ત્વનું કારણ એ હતું કે ફ્ન્ટલાઈનનો એકેય બેટસમેન કલીક જ થયો નથી. આ સામુહિક નિષ્ફળતાએ જ દાટ વાળ્યો છે.

ત્રિપાખિયા જંગમાં બોલરોની ભૂમિકા પર દબાણ વધ્યું છે. બોલરો બેટધરોની વિફળતા ઢાકી શકશે? આખુ બોલિંગ માળખુ અવશ્ય બદલાયું છે. ઈશાંત શર્માને પડતો મુકાયો છે. ઝાહીર ખાને ટેસ્ટોમાં કોઈ મોટી સફળતા તો મેળવી જ નથી. છતાયે વનડેમાં ઝાહિરની સાથે ઈરફાન પઠાણ અને પ્રવિણકુમાર ઉમેરાયા છે. પ્રવીણ કે ઈરફાન પાસે પણ રફતારનો અભાવ તો છે જ છતાયે બન્ને અનુભવીઓ ચુસ્ત લાઈનલેન્થ સ્વીંગના સથવારે સફળતા મેળવી શકે.

હાં, ઉમેશ યાદવ આપણી નવી શકિત છે. ટેસ્ટ શ્રેણીમાં એ નવી શોધ સમો રહ્યો છે. વિનયકુમાર સરેરાશથી પણ નિમ્ન કક્ષાનો જણાયો છે. સ્પિન ડિપાર્ટમેન્ટ અશ્વિન અને આશાસ્પદ રાહુલ શર્મા પસંદગી પામ્યા છે. એમા ઓલરાઉન્ડર રવિન્દ્ર જાડેજા ઉમેરાશે. આમ જોઈએ તો ઈરફાન પઠાણ, રવિન્દ્ર જાડેજા અને અશ્વિન ઉમેરાતા પાછલા ક્રમે બેટીંગ બળ વ્યવસ્થિત બન્યું છે.

જોગાનુજોગ પણ કેવો કે કેપ્ટન તરીકે મહેન્દ્રસિંગ ધોની અને શ્રીલંકન કેપ્ટન દિલશાન પણ કેપ્ટન તરીકે અને બેટસમેન તરીકે વિફળ રહ્યા છે. શરૂઆતથી કેટલીક નબળાઈઓ પછી ઓસ્ટ્રેલિયન કેપ્ટન માઈકલ કલાર્કે સ્થિતિ સુધારી લઈ સારું સંચાલન પણ કર્યું અને શ્રેણીનો શ્રેષ્ઠ બેટધર પણ જાહેર થયો છે. વળી હવે વિફળ દિલશાનના સ્થાને કેપ્ટન તરીકે ફરીથી અનુભવી માહેલા જયવર્ધના ધુરા સંભાળશે.



આમ પણ ઓસ્ટ્રેલિયાની ભૂમિ પર શ્રીલંકાએ ૮૩ મેચોમાંથી ૬૧ મેચો ટોટલી ગુમાવી છે. ૨૦ મેચોમાં જીત મેળવી છે. બે મેચો પડતી મુકાય હતી. જયારે ભારતે કુલ ૭૦ મેચોમાં થી ૨૮માં જીત અને ૩૮માં પરાજય વેઠયો છે. યજમાન ઓસ્ટ્રેલિયા પોતાની ભૂમિ પર કુલ ૩૭૨ મેચોમાંથી ૨૩૪ જીત્યું છે અને ૧૨૪ હાર્યું છે. જયારે ત્રણ મેચો ટાઈ થઈ હતી અને ૧૧ અનિર્ણિત રહી હતી. આમ પણ ક્રિકેટ શિરસ્તો જ પડી ગયો છે કે ઘરઆંગણે યજમાન ટીમનું બળાબળ પ્રભાવી રહે છે.

સચિન તેન્ડુલકરની ૧૦૦ સદીનું અભિયાન લાંબા સમયથી ખોટકાયું છે. હવે સચિનના ચાહકોની નજર ત્રિકોણીયા જંગ પર મંડરાયેલી છે. વિશ્વકપ ફાયનલ પછી સચિન એક પણ વનડે રમ્યો નથી. આથી વનડેમાં ફ્રેશ-ગાર્ડ લઈ રહ્યો છે. સચિન ઓસ્ટ્રેલિયાની ભૂમિ પર જે ૪૦ વનડે રમ્યો છે, એમાં ૩૭.૪૪ રનની સરેરાશે ૧૩૪૮ રન કરી શકયો છે. ૪૦ મેચોમાંથી એ એક જ સદી અહીં નોંધાવી શકયો છે, જયારે ભૂતપૂર્વ કેપ્ટન રિકી પોન્ટીંગે ૫૫૦૩ (૪૧.૦૩) રન અને ૧૪ સદીઓ કરી છે. સચિન અને સેહવાગ વનડે ઈતિહાસના બે બેવડીસદીવીરો છે. જો કે બંનેએ ભારતની ભૂમિ પર આ મહાપરાક્રમો કર્યા હતા. ૨૦૦૮માં ભારતે ઓસ્ટ્રે. સામે કોમનવેલ્થ બેંક સિટીઝમાં ભારતને જીતાડવામાં મોટું યોગદાન આપ્યું હતું. બેસ્ટ ઓફ થ્રી ફાયનલમાં સચિને પ્રથમ ફાયનલમાં ૧૨૦ દડામાં અણનમ રહી શાનદાર ૧૧૭ રન (જે વનડેમાં એક માત્ર શતક ઓસ્ટ્રે.ની ભૂમિ પર કર્યા છે) કર્યા હતા. હેરતની વાત એ રહી કે બીજી ફાયનલમાં સચિને ૯૧ રનની ભવ્ય ઈનીંગ ખેંચી કાઢીને ભારતને ૨-૦થી જીતાડી આપ્યું હતું, ત્રીજી ફાયનલની જરૂર જ ન પડી. હવે ૨૦૦૮નું પુનરાવર્તન સર્જી શકાશે કે કેમ એ હાલના સંજોગોમાં શંકાસ્પદ બન્યું છે.

ઓસ્ટ્રેલિયા ફરી બેઠું થયું છે, એવું કહી શકાય કે ટીમ-ઈન્ડિયાએ બેઠું કર્યું છે. શ્રીલંકા વર્લ્ડકપ પછી સતત લંગડાતું રહ્યું છે. એ પ્રદર્શનો સુધારવા મક્કમ છે. કારણ કે ત્રિકોણીયા જંગમાં આ સંઘની ગણતરી અંડર-ડોગ્ઝ થતી હોવાથી આ ટીમે કશું ગુમાવવાનું નથી. જયારે ટીમ-ઈન્ડિયાએ સાવ બગડેલી બાજી સુધારવી પડશે, અને વર્લ્ડકપના ટેગની પ્રતિષ્ઠા પણ જાળવી રાખવાનું છે. મુકાબલો રોમાંચક બનશે.

## રિવર્સ સ્વીપ
## ક્રિકેટપ્રેમી ચોરની વકીલાત

**તાજેતરમાં હરભજનની બેગ ચોરાય ગઈ. રૂપિયા, ડોલર્સ, ગીફ્ટસ અને કેટલાક ડોકયુમેન્ટસ પણ હતા. આની સાથે એનો પાસપોર્ટ પણ હતો. પાસપોર્ટ પાછો બનાવવો હોય તો લાંબી વિધિ છે. આથી ભજીએ ઈન્ટરનેટ પર વિનંતી કરી કે, પ્લીઝ મારો પાસપોર્ટ પાછો મળે એટલે બસ. બીજું બધું તો મળી જ રહેશે. ક્રિકેટપ્રેમી ચોરને દયા આવી. આથી પાસપોર્ટ સલામત રીતે પાછો મોકલી આપ્યો. પાસપોર્ટની સાથે એક સંદેશો પણ હતો, 'અબે ભજી, તુઝે અભી પાસપોર્ટ કી કયા જરૂરત હૈ?'**